# બહુમાળી ભવનની કંપાઉન્ડ વોલ ધસી પડી : મહિલાનો અદભૂત બચાવ

## દિવાલને અડીને પડેલી વર્ના કારનો કચ્ચરઘાણ નીકળી ગયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનરના બહુમાળી ભવન (એમ.એસ. બિલ્ડીંગ)ની કમ્પાઉન્ડ વોલ આજે ઓફિસ ટાઈમ દરમિયાન અચાનક કડડભૂસ થઈ હતી. દિવાલ ધસી પડી ત્યારે ત્યાં કામ કરતી મહિલાનો અદભૂત બચાવ થયો હતો. દિવાલને અડીને પાર્ક થયેલ વર્ના કારની એક બાજુની સાઈડનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.



ગાંધીનગરના સેકટર-૧૧માં આવેલા બહુમાળી ભવન કે જયાં હાલમાં મહાનગર પાલિકા અને અન્ય કચેરીઓ બેસે છે. બહુમાળી ભવન અને હોટલ પથિકાશ્રમની વચ્ચે સરકારશ્રીનો ખાલી પ્લોટ આવેલ છે ત્યાં હાલમાં જિલ્લા કક્ષાની કચેરીઓ માટે ભવન તૈયાર થઈ રહ્યું છે. આ ભવન બનાવવાનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. નવા ભવનના બાંધકામ માટે જરુરી કપચી, રેતી જેવી ચીજ વસ્તુઓ બહુમાળી ભવનના કમ્પાઉન્ડને અડીને મુકવામાં આવી છે. જેના પરિણામે આજે સવારના અચાનક બહુમાળી ભવનની કમ્પાઉન્ડ વોલ સવારના ૧૦ વાગ્યાના અસપાસના સુમારે મોટા અવાજ સાથે કડડભૂસ થઈ હતી. ત્યારે બહુમાળી ભવનમાં સફાઈકામ કરવા આવતી એક મહિલા દિવાલ નજીકનો કચરો કાઢી રહી હતી પરંતુ અવાજ થતાં તે મહિલા ત્યાંથી ભાગી હતી. પરંતુ દિવાલ નજીકમાં પાર્ક થયેલી વર્ના કાર પર દિવાલ પડી હતી. જેથી વર્ના કારની કડંકટર સાઈડે ભારે નુકશાન થયું હતું. દિવાલના અવાજથી ઘણી ઓફિસના કર્મચારીઓ બહાર દોડી આવ્યા હતા. લગભગ અડધા કલાકથી વધુ સમય સુધી બહુમાળી ભવનના તમામ માળ પરથી કર્મચારીઓ આ ઘટનાનો નજારો જોતા નજરે પડયા હતા. આ દિવાલનો કાટમાળ ખસેડવાની પ્રક્રિયા લગભગ આખો દિવસ ચાલી હતી.

# ગાંધીનગરમાં એફએસઆઈ વધારવા માગ

## નગરના વિકાસને ધ્યાને લઈ મકાનના બાંધકામની એફએસઆઈ વધારવા મનપા સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનની માગ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના વધતા જતા વિકાસ અને તેની વસ્તીમાં થઈ રહેલા વધારાને ધ્યાને રાખી અન્ય શહેરોની જેમ ગાંધીનગર શહેરમાંપણ મકાનોના બાંધકામની એફ.એસ.આઈ. વધારવાની માંગ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે કરી છે.

શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારો જે ઝડપથી વિકસી રહ્યા છે ત્યારે અહિ એફ.એસ.આઈ. વધારો થાય તે જરૂરી છે. ગાંધીનગરની આસપાસના વિસ્તારમાં બાંધકામો થઈ રહ્યા છે અને અન્ય શહેરોના રહીશોનું પણ અહિ આકર્ષણ વધ્યુ છે તે જોતાં વધતી જતી માંગને ધ્યાને રાખી તાત્કાલિક યોગ્ય નિર્ણય કરાશો.

શહેરી વિકાસમંત્રીને લખેલા પત્રમાં તેમણે જણાવ્યું છે કે ગુજરાત રાજ્યમાં મહાનગરો વધતા જાય છે અને ગાંધીનગર પણ એક મહાનગર બન્યુ છે. ગુજરાત રાજ્યનું પાટનગર પણ છે. મહાનગરોનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તે રીતે ગાંધીનગરનો પણ વિકાસ થઈ રહેલ છે. પેરીફેરીમાં પણ જમીનના ભાવો આસમાને પહોંચી ગયા છે. એપાર્ટમેન્ટો અને સોસાયટીઓ ખૂબ જ વધતી જાય છે. ટ્રાફીકની દૃષ્ટિએ પણ વાહનોની અવર-જવર વધવા પામી છે. શહેરમાં પહેલા કરતા વ્યક્તિગત વાહનોમાં અનેકગણો વધારો થયેલો છે. આમ છતાં અન્ય શહેરોની સરખામણીમાં હાલમાં ગાંધીનગરમાં એફ.એસ.આઈ. હાલ ઓછી આપવામાં આવે છે. અન્ય મહાનગરપાલિકા કરતા પણ ઘણી ઓછી એફ.એસ.આઈ. છે. તેમજ એપાર્ટમેન્ટો અને ગુડા વિસ્તારમાં હાઈ-રાઈઝ બિલ્ડીંગો ઉભા થવા લાગ્યા છે. તેમાં પણ ઘણી જ ઓછી એફ.એસ.આઈ. આપવામાં આવે છે.

પાટનગરના વધતા જતાં વિકાસ, વધતી જતી વસ્તી, વધતી જમીનનું મુલ્ય, વધતી જતી ટ્રાફીક અને પાર્કીંગની સમસ્યા વધતી જતી બિલ્ડીંગો તથા વધતી જતી સરકારી ઈમારતોને ધ્યાનમાં લઈ અને ગાંધીનગરમાં બંધાતા બિલ્ડીંગોની એફ.એસ.આઈ. વધારવા જીડીસીઆર માં જરૂરી સુધારો કરવા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા માંગ કરી છે.

# ગાંધીનગરનો ૪૮મો જન્મદિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૩૦

આગામી તા. ૨ ઓગષ્ટના રોજ જીઈબી થર્મલ પાવર સ્ટેશનના વિશ્રામગૃહ ખાતે ગાંધીનગરના ૪૮મા જન્મદિનની કેક કાપી ઉજવણી કરવામાં આવશે.

તા. ૨ ઓગષ્ટ વર્ષ ૧૯૬૫ના રોજ થર્મલ પાવર સ્ટેશનના વિશ્રામગૃહની ઈમારતની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી. આ સ્થળે પ્રતિ વર્ષ શહેર વસાહત મહામંડળ તેમજ જીઈબી થર્મલ પાવર સ્ટેશનના અધિકારીઓ સાથે મળી ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી કરે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા અનુસાર ગાંધીનગરના ૪૮મા જન્મદિવસની ઉજવણીને અનુલક્ષી જીઈબી વિશ્રામગૃહ ખાતે કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જે અન્વયે આગામી ગુરુવારે સવારે ૯ કલાકે ઈમારતની તકતીનું પૂજન તેમજ પ્રાર્થના યોજવામાં આવશે. ત્યારબાદ થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેરની ઉપસ્થિતિમાં કેક કાપી નગરના ૪૮મા બર્થ ડે ની સાદગીસભર ઉજવણી કરાશે. આ તબક્કે વન વિભાગના સહકારથી વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે.



રક્તદાન - મહાદાન... કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન અને ગાંધીનગર રોટરી કલબ દ્વારા થેલેસેમિયાગ્રસ્ત બાળકોના લાભાર્થે યોજાયેલ રક્તદાન શિબિરમાં ૧૨૩ બોટલ રક્તદાન કરાયું હતું. કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના શ્રી વિનોદભાઈ રાદડીયાના માર્ગદર્શન હેઠળ રોટરી કલબના સભ્યો અને કલ્પતરૂના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક રક્તદાનમાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

# મહિલાના થેલામાંથી ૧૦ હજારની મત્તા સેરવી ગઠીયો પલાયન

## ગાંધીનગરના એસ.ટી.ડેપોની ઘટના : મુંબઈ જતી મહિલા ડેપોમાં પહોંચતા જ ગઠીયાએ સિફતાઈપૂર્વક હાથફેરો કર્યો

ગાંધીનગર, તા.૩૦

એસ.ટી.ડેપોમાં આજે બપોરે કોઈ ગઠીયાએ મહીલાના થેલામાં ચીરો મૂકી રોકડ રકમ, મોબાઈલ સહિત રૂ.૧૦ હજારની મત્તા સેરવી લીધી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સે-૮માં પ્લોટ નં. ૩૨૨/૨માં રહેતા દક્ષાબેન દિનેશભાઈ શાહ આજે બપોરે મુંબઈ જવાનું હોવાથી કાલુપુર રેલવે સ્ટેશન પહોંચવા ગાંધીનગર એસ.ટી. ડેપોમાં અમદાવાદ તરફ જવાના બસ સ્ટેન્ડ પર ઉભા હતા. આ દરમિયાન કાલુપુર રૂટની બસમાં ચઢતી વેળાએ કોઈ જાણભેદુ ગઠીયાએ તેમના થેલામાં ચીરો મૂકી તેમાંથી પાકીટ અને મોબાઈલ સહિત રોકડ રકમ સેરવી લીધી હતી. આ વાતથી તદન અજાણ મહિલાને બસ ઉપડયા બાદ હકીકતની જાણ થતા મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. બનાવ સંદર્ભે મહીલાના પતિ દિનેશભાઈ ફરિયાદ નોંધાવવા સે-૭ પોલીસ મથકે પહોંચ્યા હતા.

# એસ.ટી. ડેપોમાં કાયદો અને વ્યવસ્થાના નામે મીંડું

## પોલીસ પહેરાના અભાવ વચ્ચે ગઠીયાઓને મોકળું મેદાન : મુસાફરોની સલામતી જોખમાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે જાણભેદુ તસ્કરો બિન્દાસ્ત બનતા મુસાફરોની સલામતી જોખમાઈ છે. મુસાફરોની ભીડથી ભરચક ડેપોમાં તક મળતાની સાથે જ ચોર ઈસમો હાથફેરો કરી લેતા-ચેઈન સ્નેચીંગ અને પીક પોકેટીંગના ગુન્હાઓનું પ્રમાણ વધતા અપડાઉનકર્તાઓમાં પણ ભયની લાગણી પ્રવર્તી છે. ડેપો સંકુલ તસ્કરો માટે મોકળુ મેદાન હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. આમ છતાં એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની વાત લાંબા સમયના અંતે અધ્ધરતાલ છે. ડેપો કક્ષાએથી યોગ્ય જગ્યા ન ફળવાતા પોલીસ ચોકી ઉભી કરવાનો મામલો ગુંચવાયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

એસ.ટી. ડેપોમાં રોજબરોજ અપડાઉનકર્તા નોકરીયાત વર્ગ અને વિદ્યાર્થીઓ સહિત બહારગામ જતા સિનિયર સિટિઝન્સની પણ વિશેષ અવર-જવર જોવા મળે છે. જયારે તહેવારના સમયે ડેપો સંકુલમાં મુસાફરોની ભીડ વધતા આડા દિવસે પણ એકટીવ રહેતા ચોર ઈસમો વધુ બિનદાસ્ત બની તસ્કરીવૃત્તિ અપનાવે છે. છેલ્લા કેટલાક સમયમાં એસ.ટી. ડેપોમાં પીક પોકેટીંગ અને ચેઈન સ્નેચીંગના ગુન્હાઓનું પ્રમાણ વધતા 'સલામત સવારી એસ.ટી. અમારી'ના સોહામણા સૂત્ર પાછળની બિહામણી હકીકતો બેનકાબ થતી હોવાની ભયભીત સ્થિતિ સર્જાઈ છે. પબ્લીકની ભીડ વચ્ચે સરાજાહેર મોકાનો લાભ ઉઠાવતા ચોર ઈસમોને હાથફેરો કરવા માટે ડેપો સંકુલ હવે જાણે સલામત સ્થળ બની ગયું છે. ડેપો સંકુલમાં વખતોવખત પોલીસ પહેરો ગોઠવવાની દસ્તક દેતા બનાવો પ્રકાશમાં આવ્યા બાદ પણ પોલીસ ચોકી ઉભી કરવાના મામલે ઉદાસીનતા સેવાઈ રહી છે. આવા સંજોગોમાં સલામત સવારીના મુસાફરોની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. પોલીસતંત્ર અને ડેપો વચ્ચેના સંકલનના અભાવે ડેપોમાં તસ્કરોનું સામ્રાજ્ય ફૂલ્યું ફાલ્યું છે. પોલીસ ચોકી કાર્યરત કરવા ડેપો કક્ષાએથી યોગ્ય જગ્યા ફાળવવામાં ન આવતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આ સઘળી સ્થિતિ વચ્ચે દિનપ્રતિદિન મહિલાઓ અને સનિયિર સિટીઝન્સમાં ભયની લાગણી પ્રવર્તી છે. કાયદો અને વ્યવસ્થાના મામલે એસ.ટી. ડેપો રામભરોસે છે.



મહિલા સંમેલન - ગાંધીનગરમાં આજકાલ રાજકીય પક્ષોના સંમેલનોની મોસમ જામી છે. ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ યોજીત મહિલા મહાસંમેલનમાં મહિલા કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. રાજકીય ભાષણોની સાથે સાથે મહિલા જાગૃતિ માટે સંમેલનમાં ચર્ચા અને ચિંતા કરાઈ. વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે મહિલાઓ માટે અલાયદી આવાસ નીતિ ઘડવાનું વચન આપ્યું હતું. મહાસંમેલનમાં રાષ્ટ્રીય અધ્યક્ષા અનિતા આર્ય, પ્રદેશ અધ્યક્ષા સોનલબેન પટેલ, જિલ્લા અધ્યક્ષા હિના પટેલ અને શહેર અધ્યક્ષા પ્રેમબા હાડા સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ...તો કોંગ્રેસ મહિલાઓ માટે અલાયદી આવાસ નીતિ ઘડશે

## ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ યોજીત મહિલા મહાસંમેલનમાં વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહિલનું ઉદ્દબોધન

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો મહિલાઓ માટે અલગ આવાસ નીતિ તૈયાર કરી તેને અમલી બનાવશે તેવો સંકેત આજે વિપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ આયોજિત મહામહિલા સંમેલનને સંબોધતાં આપ્યો હતો.

હકડેઠઠ મહિલાઓની ઉપસ્થિતિ ધરાવતા આ મહિલા સંમેલનને સંબોધતાં વિધાનસભા વિપક્ષી નેતાએ એવો પણ સંકેત આપ્યો હતો કે વિધવા બહેનોને અપાતા પેન્શનની રકમમાં વધારો કરવામાં આવશે તેમજ હાલની યોજનામાં ઘણા બધા સુધારાઓ કરી મહિલાઓનું સાચા અર્થમાં સશક્તિકરણ કરવામાં આવશે.

શ્રી ગોહિલે જણાવ્યુ હતુ કે મહિલાઓ માટે કોંગ્રેસ જે કરવા માંગે છે તેની વિધિવત્ ઘોષણા આગામી એક-બે દિવસમાં જ કરી દેવામાં આવશે. આ માટે આગેવાનો સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે અને તેને ઝડપથી આખરીરૂપ આપી દેવામાં આવશે.

ગુજરાતની મોદી સરકાર પર પ્રહારો કરતાં શ્રી ગોહિલે જણાવ્યું હતું કે ગુજરાતમાં મહિલાઓ પરના ગુનાઓ વધી રહ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે મહિલાઓ અસલામતી અનુભવી રહી છે એટલુ જ નહિ ચેઈન સ્નેચીંગના બનાવો વધી રહ્યા છે તેમજ મહિલાઓ પરના અત્યાચારની ઘટનાઓ નિત્યક્રમ બની રહી છે ત્યારે બહેનોને પત્ર લખવાનું કહેતાં મુખ્યમંત્રી ચૂપકીદી કેમ ધરી બેઠા છે.

આ સંમેલનને સંબોધતાં મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા અનીતા આર્યએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં પંચાયતી રાજમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામતનો અમલ કરો. તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં મહિલાઓની સ્થિતિ અત્યંત દયનીય છે. તેમણે વધતા જતા ગુનાઓ અટકાવવામાં રાજ્ય સરકાર નિષ્ફળ ગઈ હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

અનીતાજી જણાવ્યુ હતુ કે મહિલાઓના વિકાસ માટે કેન્દ્ર સરકારમાંથી મળેલા ફંડમાંથી કેટલો ખર્ચ થયો તેની વિગતો સરકારે જાહેર કરવી જોઈએ. મહિલા લાભાર્થીઓને પુરા લાભો નહિ મળતા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.


આ મહિલા સંમેલનને પ્રદેશ પ્રમુખ સોનલ પટેલ, જિલ્લા પ્રમુખ હીનાબેન પટેલ, પ્રેમબા હાડા સહિત આગેવાનોએ સંબોધ્યું હતું. આ સંમેલનની સફળતા પછી જિલ્લા અને શહેર મહિલા સંગઠ્ઠનમાં એક નવો જુસ્સો આવ્યો છે અને તાલુકા કક્ષાએ પણ સંમેલનો યોજવાની જાહેરાત આ મંચ પરથી કરવામાં આવી હતી.

આ સંમેલનને સફળ બનાવવા માટે શહેર-જિલ્લા અને તાલુકા સંગઠનના નવા વરાયેલા હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કેમીકલની આડઅસરથી બચવા ઘરે જ શાકભાજી ઉગાડવાનો પ્રયોગ કરતા ચારુલભાઈ ચૌહાણ

ગાંધીનગર, તા.૨૯

રોજબરોજના ઉપયોગમાં લેવાતી શાકભાજીને જીવાત અને રોગચાળાથી બચાવવા માટે વપરાતું રાસાયણિક ખાતર શરીર માટે ખુબ નુકશાનકારક હોય છે. રાસાયણિક ખાતરોની શરીર પર શું શું અસર થાય છે તે દર્શાવતા આમીરખાનના ટીવી શો 'સત્યમેવ જયતે'ના વિશેષ એપીસોડને જોયાં બાદ સેકટર-૭ના ચારુલભાઈ ચૌહાણને કેમીકલ વગરના ઓર્ગેનીક ફુડનો ચસ્કો લાગ્યો છે. પ્રાયોગિક ધોરણે તેમણે ઘરના આંગણામાં ઓસરીમાં કુંડામાં જ શાકભાજી ઉગાડવાનું શરુ કર્યું છે.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલમાં નોકરી કરતા ચારુલભાઈ ચૌહાણને નવા નવા પ્રયોગો ગમે છે. ઈન્ટરનેટ અને યુ-ટયુબના સહયોગથી તેઓ દેશ-દુનિયામાં થઈ રહેલા વૈજ્ઞાનિક સંશોધનો વિશે ખુબ ઉંડાણપૂર્વક માહિતી મેળવે છે. વિદેશી ખેડૂતોના ઓર્ગેનીક ફુડના પ્રયોગોથી ચારુલભાઈ આકર્ષાયા તો હતા જ પરંતુ જયારથી સત્યમેવ જયતેનો રાસાયણિક ખાતર પરનો એપિસોડ જોયો ત્યારથી જ તેમણે ઘરે જ શાકભાજી ઉગાડવાનો પ્રયોગ શરૂ કર્યો છે.

સેકટર-૭માં રહેતા ચારુલભાઈ કહે છે કે રાસાયણિક ખાતરોથી શાકભાજી તો બચી જાય છે પરંતુ તે જયારે શરીરમાં જાય છે ત્યારે તેની ગંભીર અસરો થાય છે. વહેતાં પાણીમાં અસંખ્યવાર તેને ધોઈએ ત્યારે રાસાયણિક ખાતરોની અસર ઓછી થાય છે. આમીરખાનનો શો જોયાં પછી મને લાગ્યું કે પરિવારજનોને હાનિકારક રાસાયણિક ખાતરોવાળી શાકભાજી ખવડાવવાના બદલે ઘરે જ શાકભાજી ઉગાડીએ તો કેવું? આ વિચારને તુરંત જ અમલી બનાવી ઘરે કેવી રીતે ઓર્ગેનીક શાકભાજી ઉગાડી શકાય તે માટે ઈન્ટરનેટ પર સંશોધન કર્યુ. કુંડામાં શાકભાજી ઉગાડી શકાય તેવું લાગતા આંગણામાં ઘણા બધા કુંડા ગોઠવી તેમાં માટી, અળસીયાનું ખાતર અને ઘરે બનાવેલું

● અનુસંધાન પાન-૭ પર







TMT BARS - ISI
BENELAVE
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com